## તંત્રી સ્થાનેથી......

સિવિલ હોસ્પિટલ તેમજ સમરસ સંકુલ ખાતેથી ૧૪ દિવસની સઘન સારવાર બાદ કોરોના મુક્ત થઈ ઘરે પરત ફરનારા બીરેનભાઈ ગણાત્રાએ પોતાના ૧૪ દિવસોના અનુભવો વર્ણવતાં કહ્યું હતું કે, "ઘરમાં મારા મમ્મી, પત્ની અને દીકરી સહિત અમને ચારેય સભ્યોને કોરોના પોઝિટિવ આવતાં પ્રથમ તો હું ચિંતામાં ડૂબી ગયો પરંતુ બીજી જ ક્ષણે અમે સૌએ વિચાર કર્યો કે, આપણે કોરોનાથી ડરવાનું નથી, પરંતુ મક્કમ મનોબળ સાથે આપણે તેને હરાવવાનો જ છે." સિવિલ હોસ્પિટલમાં સ-પરિવાર દાખલ થયેલા બીરેનભાઈએ ત્યાની સારવાર વિશે જણાવતાં ઉમેર્યું હતું કે, "મને ખૂબ જ તાવ અને ચાલી પણ ના શકાય તેવી નબળાઈ લાગતી હતી. સખત શરદીને કારણે ફેફસામાં ઈન્ફેક્શન થઈ ગયું હતું, જેથી મને ૭ દિવસ માટે સિવિલ ખાતે અને ત્યારબાદ ૭ દિવસ સમરસ કોવિડ કેર સેન્ટર ખાતે સારવાર આપવામાં આવી જેનાં પરિણામે હવે હું સ્વસ્થ છું. સરકારી સેવાનો લાભ મેળવ્યા બાદ હું એટલું જરૂરથી કહીશ કે, અમને સિવિલ હોસ્પિટલ તેમજ સમરસ સંકુલમાં જેવી શ્રેષ્ઠ અને સુયોગ્ય સારવાર મળી છે એવી સારવાર પ્રાઈવેટ હોસ્પિટલમાં ઢગલો રૂપિયા ખર્ચીને પણ ન મળી શકી હોત." બીરેનભાઈ અને તેમનાં પરિવાર સહિત અનેક લોકો કોરોનાને હરાવી અને સ્વસ્થ બની કહી રહ્યા છે - કોરોનાના હાઉ કરતાં સકારાત્મકતાનો ભાવ હશે તો ઝડપથી સાજા થઈ જશો.






## જનરલ ઓબઝર્વર શ્રી ધર્મેન્દ્રસીંધની ઉપસ્થિતીમાં માઈક્રો ઓબ્ઝર્વરની તાલીમ યોજાઈ

કમલમ દૈનિક, ભુજ,

હાલ આગામી તા. ૩ નવેમ્બરના રોજ યોજાનારી ૦૧-અબડાસા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી અન્વયે તડામાર તેયારીઓ ચાલી રહી છે. આ ચૂંટણી શાંતીપૂર્ણ અને પારદર્શક રીતે યોજાઈ તે માટે ચુંટણી પંચની માર્ગદર્શીકા મુજબ વિવિધ સ્તરે કામગીરીઓ થઈ રહી છે. આજ કામગીરીના ભાગરૂપે આજરોજ જનરલ ઓબ્ઝર્વર શ્રી ધર્મેન્દ્રસિંઘની ઉપસ્થિતીમાં કોરોના સંક્રમણ સમયે વિશેષ બાબતોને ધ્યાને લઈને ખાસ તાલીમ કલેકટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. જનરલ ઓબ્ઝર્વરશ્રી ધર્મેન્દ્રસીંધે આ તકે ઉપસ્થિત સૌ માઈક્રો ઓબ્ઝર્વર તાલીમાર્થીઓને મતદાનના અગાઉની ધ્યાનમાં રાખવાની બાબતો સાથે મતદાનના દિવસે કરવાની થતી તમામ પ્રક્રિયાઓ જેવીકે મોક મતદાન, મતદાન મથકો પરની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી, મતદાનમાં પ્રક્રિયામાં ભાગ લેનાર મતદાન મથકના કર્મચારીઓનો ડેટાબેઝ તૈયાર કરવો, કાયદો અને વ્યવસ્થા સાથે પારદર્શક અને શાંતીપૂર્ણ વાતાવરણમાં મતદાન યોજાઈ તે માટે ચુંટણીપંચની માર્ગદર્શિકાઓનું પાલન કરાવવું. ખાસકરીને કોરોના સંક્રમણ ન ફેલાય તેની તકેદારી સાથે મતદાન પ્રક્રિયા સંપન્ન થાય તે માટે આરોગ્ય વિભાગની માર્ગદશિકાઓનું સંપૂર્ણ પાલન કરવું અને કરાવવું તે અંગે ખાસ અનુરોધ કર્યો હતો. આ તકે જનરલ ઓબ્ઝર્વરશ્રી ધર્મેન્દ્રસીંધે ચૂંટણી પ્રક્રિયા સંદર્ભે કોઈપણ મુશ્કેલી કે મુંઝવણ જણાય તો પોતાનો સંપર્ક કરવા માટે સંપર્ક મોબાઈલ નંબર આપી તેઓની મૂશ્કેલી હલ કરવાની તત્પરતા દર્શાવી હતી. આ તાલીમમાં માસ્ટર ટ્રેઈનર શ્રી ગીરીશભાઈ ચૌહાણએ તમામ માઈક્રો ઓબ્ઝર્વરોને મતદાન પ્રક્રિયાની દરેક બાબતો અને પાસાઓ બાબતે વિસ્તૃત માહિતીથી સૌને અવગત કર્યા હતા. આ તકે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એમ.બી.પ્રજાપતિ, નાયબ મામલતદાર ચૂંટણી શ્રી પુલીનભાઈ ઠાકર તથા ચુંટણી શાખાનો તમામ સ્ટાફ અને ૩૧ જેટલા માઈક્રો ઓબ્જર્વરો ઉપસ્થીત રહ્યા હતા.

## ડીઝાસ્ટર રિસ્ક રીડક્સન અંગે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરાયું



કમલમ દૈનિક,

સાબરકાંઠા જિલ્લામાં કોઈ પણ પ્રકારની કુદરતી કે માનવ સર્જિત આપતિમાં સરકારના તમામ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ત્વરિત રિસ્પોન્સ આપી શકે, અને એ રિસ્પોન્સથી જાન-માલને ઓછામાં ઓછુ નુકશાન થાય, તેવા આશય થી ગુજરાત સરકારના ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી ગાંધીનગર ધ્વારા જીલ્લા પંચાયત સાબરકાંઠા - કલેકટર કચેરી ડીઝાસ્ટર શાખા સાબરકાંઠા ના સહયોગ થી હિંમતનગર ખાતે ડીઝાસ્ટર રિસ્ક રીડકશનની તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમમાં પંચાયતી રાજ, શિક્ષણ, અર્બન ડેવલોપમેન્ટ, ગ્રામ વિકાસ, આરોગ્ય અને આપદા મિત્રોને બ્રહમ સમાજ સેવા ટ્રસ્ટના તજજ્ઞો ધ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. કોવિદ ૧૯ની આદર્શ માર્ગદર્શિકાને ધ્યાને રાખી સાબરકાંઠા જીલ્લાના ૩૦૦ જેટલા અધિકારીઓ/કર્મચારીઓને તા. ૧૯ ઓક્ટોબર થી ૨૧ નવેમ્બર ૨૦૨૦ સુધી દરરોજ ૨૫ ની બેચમાં પ્રેક્ટીકલ કામગીરી અને પ્રવૃત્તિ સભર તાલીમ તજજ્ઞો ધ્વારા આપવામાં આવી રહી છે. આ તાલીમમાં મામલતદાર ડીઝાસ્ટર ઉર્વીશ વાળંદ અને ડીપીઓ ડીઝાસ્ટર કે. બી. પટેલે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. તાલીમાર્થીઓને સ્પીપા ખાતે તાલીમ મેળવેલ તજજ્ઞશ્રીઓ અમિત દવે અને નિકુંજ ઉપાધ્યાય ધ્વારા લેન્ડમાર્ક ખાતે તાલીમ અપાઈ રહી છે.આ તાલીમનો હેતુ કોઈ પણ આપતિમાં લાઈન ડીપાર્ટમેન્ટનો રિસ્પોન્સ ટાઈમ ઘટાડવાનો છે.

## જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં દિશા કમિટીની બેઠક યોજાઈ

### જિલ્લામાં કાર્યાન્વિત વિવિધ યોજનાઓ ઝડપભેર-સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવતા સાંસદ શ્રી ભાભોર




### સિંચાઈ યોજનાઓના લાભ સમયસર ખેડૂતો સુધી પહોંચતા કરવાનું જણાવતા રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ

કમલમ દૈનિક, દાહોદ,

જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં દિશા કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ વિભાગોની યોજનાઓની સપ્ટેમ્બર અંત સુધીમાં કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં રાજયમંત્રી શ્રી બચુભાઈ ખાબડ સહિત ધારાસભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા. ડ્રિસ્ટ્રીકટ ડેવલોપમેન્ટ એન્ડ કો.ઓર્ડીનેશન કમિટીની બેઠકમાં સાંસદ શ્રી ભાભોરે જણાવ્યું કે, જિલ્લામાં ચાલી રહેલી યોજનાઓની કામગીરી ઝડપભેર થવી જોઈએ અને સમયમર્યાદામાં યોજનાઓના લક્ષ્યાંક પૂરા થવા જોઈએ.

તેમણે આવાસ, સિંચાઈ, કૃષિ, સ્માર્ટ સીટી અંતર્ગત થઈ રહેલી કામગીરી, આરોગ્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં યોજનાઓની પ્રગતિ અને લક્ષ્યાંક સિદ્ધિ બાબત ચર્ચા-સમીક્ષા કરી હતી. રાજયમંત્રી શ્રી બચુભાઈ ખાબડે બેઠકમાં યોજનાઓ ઝડપથી કાર્યાન્વિત કરી આટોપવામાં ઉપરાંત ગુણવત્તાભેર કામો કરવા પર ભાર મૂકયો હતો. તેમણે સિંચાઈ યોજનાઓની કામગીરી પણ ત્વરાથી કરવા જણાવ્યું હતું જેથી ખેડૂતો યોગ્ય સમયે તેનો લાભ ઉઠાવી શકે. ખેતીવાડી અધિકારી શ્રી સુથારે માહિતી આપી હતી કે, આ વખતે આઈ ખેડૂત પોર્ટલ થકી ખેડૂતોઓ દ્વારા અરજીઓનું પ્રમાણ બમણું થયું છે અને વીસ હજાર કરતા પણ વધુ ખેડૂતોએ અરજી કરી છે.

બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી યોગેશભાઈ પારગી, ધારાસભ્ય સર્વે શ્રી રમેશભાઈ કટારા, સુ શ્રી ચંદ્રિકાબેન બારીયા, શ્રી વજેસિંગભાઈ પણદા, કલેક્ટર શ્રી વિજય ખરાડી, નિવાસી અધિક કલેકટર શ્રી એમ.જે. દવે, ડીઆરડીએ નિયામક શ્રી સી.બી બલાત સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.








## મહીસાગર જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમિટી (દિશા)ની બેઠક યોજાઈ

### જિલ્લામાં કાર્યાન્વિત વિવિધ યોજનાઓ ઝડપભેર-સમયમર્યાદામાં પૂર્ણ કરીએ- સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર

કમલમ દૈનિક, લુણાવાડા

મહીસાગર જિલ્લા સેવા સદન લુણાવાડા ખાતે દાહોદ સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતા અને પંચમહાલ સાંસદ શ્રી રતનસિંહ રાઠોડની સહઅધ્યક્ષતામાં જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમિટી (દિશા)ની ત્રિમાસિક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદ શ્રી ભાભોરે જણાવ્યું કે, જિલ્લામાં ચાલી રહેલી યોજનાઓની કામગીરી ઝડપભેર થવી જોઈએ અને સમયમર્યાદામાં યોજનાઓના લક્ષ્યાંક પૂરા થવા જોઈએ. તેમણે આવાસ, સિંચાઈ, કૃષિ, અંતર્ગત થઈ રહેલી કામગીરી, આરોગ્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં યોજનાઓની પ્રગતિ અને લક્ષ્યાંક સિદ્ધિ બાબત ચર્ચા-સમીક્ષા કરી હતી. આ બેઠકમાં નેશનલ સોશ્યલ આસિસ્ટન્ટ કાર્યક્રમ(NSAP), જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચેરીની યોજનાઓ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામ્ય) મનરેગા, એન.આર.એલ.એમ, ડીડીયુ - જીકેવાય, સ્વચ્છ ભારત મિશન (ગ્રામ્ય),પ્રધાન મંત્રી કૌશલ વિકાસ યોજનાની સમીક્ષા (PMKVY), પ્રધાનમંત્રી જન ધન યોજના, નગર પાલીકા લુણાવાડા,સંતરામપુર, બાલાસિનોરની પ્રધાનમંત્રી આવાસ યોજના (અર્બન) સ્વચ્છ ભારત મિશન (અર્બન)ની સમીક્ષા તેમજ ડિઝીટલ ઈન્ડિયા પ્રોગામ, ૧૪મું નાણાપંચ કામો, પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, મધ્યાહન ભોજન યોજના, સંકલિત જળસ્ત્રાવ વિકાસ એકમ, પાણી પુરવઠા ( બાંધકામ ) નેશનલ રૂરલ ડ્રીંકીંગ વોટર સપ્લાય કાર્યક્રમ, ડીઝીટલ ઈન્ડીયા લેન્ડ રેકર્ડસ આધુનિકીકરણ કાર્યક્રમ,પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના,(PMGSY) સંકલિત બાળ વિકાસ યોજના, સર્વ શિક્ષાઅભિયાન, જિલ્લા ખેતીવાડી યોજનાઓ, દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ્ય જયોતિ યોજના (DDUGJY) નેશનલ હેલ્થ મિશનની (NHM ), સામાજિક વનીકરણ, જિલ્લા રોજગાર કચેરી, ખાણ ખનિજ વિભાગ, પ્રાયોજના વહીવટદાર કચેરીની યોજનાઓની સપ્ટેમ્બર અંત સુધીમાં કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં યોજનાઓ ઝડપથી કાર્યાન્વિત કરી આટોપવામાં ઉપરાંત ગુણવત્તાભેર કામો કરવા પર ભાર મૂકયો હતો. દિશા કમીટીની આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મંજુલાબેન ખાંટ, કલેકટર શ્રી આર.બી. બારડ, જિલ્લા વિકાસ અધિકારી શ્રીનેહા કુમારી, લુણાવાડા ધારાસભ્ય શ્રી જીગ્નેશભાઈ સેવક અને સંતરામપુર ધારાસભ્ય શ્રી કુબેરભાઈ ડીંડોર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જે.કે. જાદવ સહત જિલ્લાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.



## બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત વડાલ,ચોકલી ખાતે કિશોરી મેળો યોજાયો

કમલમ દૈનિક, જૂનાગઢ,

બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતુ. સમાજમાં કોઈ પણ પરિવાર કે કુટુંબમાં દીકરીઓ કિશોરાવસ્થા માં પ્રવેશે ત્યારે તેમનામાં શારીરિક-માનસિક બદલાવ આવે છે. જે શારીરિક-માનસિક થતા ફેરફારો અંગે ખુલ્લીને પરિવારમાં ચર્ચા કરી શકતા નથી. જેમનો એક મુદો ખુબજ સંવેદનશીલ છે તેછે માસિક ધર્મ વિશેની જાણકારી. દીકરીઓને માસિકધર્મ દરમિયાન યોગ્ય માર્ગદર્શન, સ્વચ્છતા અને તકેદારીની સમજ મેળવે, શારીરિક-માનસિક થતાં ફેરફારથી પરિચિત થાય તે ઉદેશ્યને સિધ્ધ કરવાં નાં હેતુસર બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લાનાં અલગ-અલગ તાલુકાઓનાં ગામડાઓ જેવા કે, અગતરાય, વડાલ,ચોકલી,નવાગામ વગેરે સ્થળો પર રૂબરૂ મુલાકાત કરી સોશ્યલ ડિસ્ટન્સ સાથે કિશોરી મેળો યોજવામાં આવેલ. જેમાં દિકરીઓને માસિકધર્મ સ્વાસ્થય જાળવણી અંગેની સમજ આપવામાં આવી હતી. તેમજ કિશોરીઓમાં એનિમિયાનું પ્રમાણ ઓછુ થાય માટે શું કાળજી રાખવી તે અંગેનું માર્ગદર્શન આપ?યું અને મહિલાલક્ષી વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. દીકરીઓનાં શિક્ષણ અને જન્મદરમાં વધારો થાય તે માટે શપથ લેવડાવવામાં આવ્યા. ત્યારબાદ સહભાગી થયેલ કિશોરીઓને માસિકધર્મ સ્વાસ્થય જાળવણી કીટ વિતરણ કરવામાં આવી. જે અંતર્ગત કિશોરીઓને સેનેટરીપેડ,, સેનેટાઈઝર, માક્સ, પેન્ટી, પેપર શોપ,કેરીબેગ વગેરેની કીટ અને આઈ.ઈ.સી વિતરણ કરવામાં આવ્યું હતુ.


## પશ્ચિમ રેલવે પર નગર રાજભાષા કાર્યાન્વયન સમિતિની ઓનલાઈન બેઠક

### જનરલ મેનેજર શ્રી કંસલે જણાવ્યું હતું કે, હિન્દી ભારતના સામાજિક અને સાંસ્કૃતિક વારસાની સંસ્કૃતિ

કમલમ દૈનિક,

કેન્દ્રીય સરકારી કાર્યાલયો ની નગર રાજભાષા કાર્યાન્વયન સમિતિની ઓનલાઈન બેઠક ૨૦ ઓકટોબર ૨૦૨૦ ના રોજ પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી આલોક કંસલની અધ્યક્ષતામાં મળી હતી.સમિતિના અધ્યક્ષ અને પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી આલોક કંસલે સમિતિના તમામ સભ્યોને રાજભાષા ના નિયમ મુજબ રાજભાષા નો ઉપયોગ કરવા વિનંતી કરી.તેમણે કહ્યું કે હિન્દી ભારતની સામાજિક અને સાંસ્કૃતિક વારસાની સંસ્કૃતિ છે. અને ભારતની એકતા અને અખંડિતતા માટે ખૂબ મહત્વનું છે.તેથી, હિન્દીમાં કામ કરવું એ દરેક ઓફિસમાં કાર્યરત અધિકારી અને કર્મચારીની પ્રથમ જવાબદારી છે.તેમણે જણાવ્યું કે ઓફિસોમાં રાજભાષા ને અસરકારક રીતે લાગુ કરવા માટે રાજભાષા વિભાગ દ્વારા કેટલાક ચેક પોઈન્ટ બનાવવામાં આવ્યા છે, તેમ છતાં સદસ્ય કાર્યાલયો પણ તેમની ઓફિસ સિસ્ટમ પ્રમાણે ચેક પોઈન્ટ સ્થાપિત કરી શકે છે. બેઠક ની શરૂઆત પશ્ચિમ રેલ્વેના મુખ્ય રાજભાષા અધિકારી ના સંબોધનથી શરૂ થઈ હતી.તેમણે સૌને આવકારતાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની કચેરીઓની આ સમિતિ, મુંબઈમાં સ્થિત કેન્દ્ર સરકારની કચેરીઓમાં પ્રચાર અને રાજકીય ભાષાના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે સમય-સમય પર વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.મુખ્ય રાજભાષા અધિકારી એ કહ્યું કે ભારત બહુભાષી દેશ છે જેમાં હિન્દી દરેકને સંપર્કની ભાષા તરીકે જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે, કારણ કે હિન્દી એક સરળ, સમૃદ્ધ અને સામાન્ય ભાષા છે. આ પ્રસંગે સમિતિના સભ્ય કચેરીઓમાં આયોજિત ૭ હિન્દી સ્પર્ધાઓમાં સફળ અધિકારીઓ / કર્મચારીઓને રોકડ ઈનામની રકમ અને પ્રશંસાપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાઓમાં નિર્ણાયકો ની ભૂમિકા નિભાવનારા અધિકારીઓનું સન્માનપત્ર આપી સન્માન પણ કરવામાં આવ્યું હતું.હિન્દી સ્પર્ધાના સ્પર્ધકોને પ્રથમ ઈનામ રૂ. ૨૦૦૦, દ્વિતિયને ૧૮૦૦ રૂ., તૃતીયને ૧૫૦૦ મળ્યા. અને બે પ્રેરણા પુરસ્કાર ના રૂપે, દરેકને રૂ .૧૨૦૦ ની રકમ એનાયત કરવામાં આવી. સમિતિની ૩ સભ્યોની કાર્યાલયોને વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમ્યાન સત્તાવાર ભાષામાં ઉત્કૃષ્ઠ કામગીરી કરવા બદલ રાષ્ટ્રપતિ દ્વારા આગામી બેઠકમાં રાજભાષા શિલ્ડ અને પ્રસંશા પત્ર થી સન્માનિત કરવામાં આવશે અને જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૧ દરમ્યાન વિવિધ કચેરીઓમાં ૯ હિન્દી સ્પર્ધાઓ યોજવામાં આવશે. પરમાણુ ઉર્જા વિભાગ, ફિઝીયોથેરાપી અને પુનર્વસવાટ, મધ્ય રેલ્વે, સેન્ટ્રલ એકસાઈઝ ઓફિસ, ફિલ્મ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ બોર્ડ, વગેરે જેવા કે કેન્દ્ર સરકારના કચેરીઓના વિભાગોના વડાઓ, આ બેઠકમાં હાજર રહ્યા હતા.આ બેઠકમાં નાયબ નિયામક ડો.સુષ્મિતા ભટ્ટાચાર્ય અને નાયબ નિયામક ડો.વિશ્વનાથ ઝા પણ હાજર રહ્યા હતા.બેઠક દરમિયાન અધ્યક્ષ મહોદય દ્વારા સમિતિના સભ્ય કચેરીઓમાં સત્તાવાર ભાષા હિન્દીમાં કરવામાં આવતા કાર્યોની પ્રશંસા કરી હતી. બેઠકમાં સમિતિના તમામ સદસ્ય કચેરીઓમાં ઓક્ટોબર -૨૦૧૯ થી સપ્ટેમ્બર -૨૦૨૦ દરમિયાન સત્તાવાર ભાષાના અમલીકરણમાં થયેલી પ્રગતિની માહિતી સમિતિના સભ્ય સચિવ ડો.સુશીલકુમાર શર્મા દ્વારા રજૂ કરવામાં આવી હતી અને રાજકીય ભાષાના અમલીકરણની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

## વિઝા અને મુસાફરી પ્રતિબંધોમાં તબક્કાવાર છૂટછાટ



કમલમ દૈનિક,

કોવિડ-૧૯ રોગચાળાને લઈને ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારે ફેબ્રુઆરી, ૨૦૨૦થી આંતરરાષ્ટ્રીય મુસાફરોની આંતરિક અને બાહ્ય આવાગમનને રોકવા માટે અનેક પગલાં લીધાં હતાં. વિદેશી નાગરિકો અને ભારતીય નાગરિકો કે જેઓ ભારતમાં પ્રવેશવા અથવા બહાર જવા ઈચ્છે છે તેમને વધારાની કેટેગરીમાં વિઝા અને મુસાફરી પ્રતિબંધોમાં ક્રમશઃ છૂટછાટ આપવાનો સરકારે હવે નિર્ણય લીધો છે. તેથી, ટુરિસ્ટ વિઝા સિવાયના કોઈ પણ હેતુથી ભારતની મુલાકાતે આવવા માંગતા ઓસીઆઈ અને પીઆઈઓ કાર્ડ ધારકો અને અન્ય તમામ વિદેશી નાગરિકોને અધિકૃત વિમાની મથકો અને સી-પોર્ટ ઈમિગ્રેશન ચેક પોસ્ટ્સ દ્વારા હવાઈ અથવા જળ માર્ગો પર પ્રવેશવાની મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આમાં વંદે ભારત મિશન, એર ટ્રાન્સપોર્ટ બબલની વ્યવસ્થા હેઠળ અથવા નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા મંજૂરી મળેલી કોઈ પણ અનુસૂચિત વાણિજ્યિક ફ્લાઈટ્સ દ્વારા સંચાલિત ફ્લાઈટ્સ સામેલ છે. તેમ છતાં, આવા તમામ મુસાફરોએ કવોરનટીન અને અન્ય આરોગ્ય / કોવિડ -૧૯ બાબતો અંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની માર્ગદર્શિકાનું સખત પાલન કરવું પડશે. આ છૂટછાટ અંતર્ગત ક્રમશઃ ભારત સરકારે પણ તમામ હાલના વિઝા (ઈલેક્ટ્રોનિક વિઝા, ટૂરિસ્ટ વિઝા અને મેડિકલ વિઝા સિવાય) તાત્કાલિક અસરથી પુનર્સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે. જો આવા વિઝાની માન્યતા સમાપ્ત થઈ ગઈ હોય, તો યોગ્ય કેટેગરીઝના નવા વિઝા સંબંધિત ભારતીય મિશન / પોસ્ટ્સથી મેળવી શકાય છે. તબીબી સારવાર માટે ભારત આવવા ઈચ્છતા વિદેશી નાગરિકો મેડિકલ વિઝા માટે તેમના મેડિકલ એટેન્ડન્ટ્સ સહિત અરજી કરી શકે છે. તેથી, આ નિર્ણય વિદેશી નાગરિકોને વિવિધ હેતુઓ જેમ કે વ્યવસાય, પરિષદો, રોજગાર, અભ્યાસ, સંશોધન, તબીબી હેતુઓ માટે ભારત આવવા માટે સક્ષમ બનાવશે.

## અમદાવાદ દૂરદર્શન કેન્દ્રના નિવૃત્ત સંયુક્ત સમાચાર નિદેશક શ્રી યશવંત પી. સોલંકીનું અવસાન



કમલમ દૈનિક,

અમદાવાદ દૂરદર્શન કેન્દ્રના નિવૃત્ત સંયુક્ત સમાચાર નિદેશક શ્રી યશવંત પી. સોલંકીનું ૭૩ વર્ષની ઉમરે આજે વહેલી સવારે અવસાન થયુ છે. ભારતીય માહિતી સેવામાં જોડાયા બાદ તેમણે કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી પ્રોજેક્ટથી માંડી ડાયરેક્ટોરેટ ઑફ ફિલ્ડ પબ્લિસિટી, યોજના મેગેઝિન, પી.આઈ.બી. તથા દૂરદર્શનમાં કામગીરી બજાવી હતી. મિલનસાર સ્વભાવ અને સાવ સરળ વ્યક્તિત્વ ધરાવતા સ્વર્ગસ્થ સોલંકીએ કારકિર્દી દરમિયાન વિવિધ પદો સંભાળી પ્રગતિ હાંસલ કરી હતી. તેઓ અમદાવાદ દૂરદર્શનમાં સમાચાર વિભાગના વડા તરીકે છેલ્લે ૨૦૦૭ની સાલમાં નિવૃત્ત થયાં હતાં. મુંબઈ દૂરદર્શનમાં મરાઠી બુલેટિનના સંપાદક તરીકે પણ ફરજ બજાવી હોવાથી તેમનું મરાઠી ભાષાનું જ્ઞાન પણ સારું હતું.

# તા. ૨૪ના પ્રધાનમંત્રીશ્રીના હસ્તે થશે કિસાન સુર્યોદય યોજનાનું ઈ-લોન્ચીંગ

## પ્રથમ તબક્કામાં જૂનાગઢ સહિત ૪ જિલ્લાનાં ૩૬૯ ગામોની પસંદગી ૭૫૯૯૧ ખેડુતોને લાભ થશે





કમલમ દૈનિક, જૂનાગઢ

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા.૨૪ ઓક્ટબરના રોજ ખેડુતો માટેની કિસાન સુર્યોદય યોજનાનું ઈ-લોન્ચીંગ થનાર છે. જયારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ઉર્જામંત્રી સોરભભાઈ પટેલ, પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડા, પ્રવાસન રાજયમંત્રી વાસણભાઈ આહીર, યાત્રાધામ વિકાસ રાજયમંત્રી વિભાવરીબેન દવે સહિતના અન્ય મહાનુભાવો જૂનાગઢ ખાતે પોલીસ તાલીમ મહાવિધાલયના મેદાનમાં યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વવારા વધુ એક વાર ખેડુતોના હિત માટે સંવેદનશીલ નિર્ણય લઈ કિસાન સુર્યોદય યોજના લોન્ચ કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમય થી ખેડુતોની માંગણી હતી કે, દિવસે વીજળી મળે આ બાબતે સરકારશ્રી દ્વારા સુર્યોદય યોજના લોન્ચ કરવામાં આવી છે. સુર્યોદય યોજના લોન્ચ થતા જૂનાગઢ, ગીરસોમનાથ,અમરેલી, અને રાજકોટ જિલ્લાના ૭૫ હજાર ૯૯૧ જેટલા ખેડુતોને લાભ થશે. આ યોજના હેઠળ ખેડુતોને દિવસ દરમિયાન ૩ ફેજ વીજ પુરવઠો મળશે. દિવસ દરમિયાન વીજળી થી ખેડુતોને રાત્રે રાની પશુઓ ના ત્રાસ થી છુટકારો મળશે. કૃષિ ઉત્પાદનમાં વધારો થશે. અને દિવસ દરમિયાન વીજ પુરવઠાના સમયગાળાથી કામગીરીની નિશ્ચીતતા પણ નક્કી થશે. આ યોજનાના પ્રથમ તબક્કામાં

### કિસાન સુર્યોદય યોજના હેઠળ ખેડુતોને મળશે દિવસ દરમિયાન 3 ફેજ વિજ પુરવઠો

સૈરાષ?ટ્રના ૪ જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં જૂનાગઢ, ગીરસોમનાથ, અમરેલી અને રાજકોટનો સમાવેશ થાય છે. જૂનાગઢ જિલ્લાના ૨૨૦ ગામો, ગીર સોમનાથના ૧૪૩ ગામો, અમરેલીના ૫ ગામો,રાજકોટના ૧ ગામનો સમાવેશ થાય છે. ઉપરાંત પ્રથમ તબક્કામાં ૫૨ સબસ્ટેશન હેઠળ ૨૯૬ વિજ ફેડરોનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડુતોની આવક બમણી કરવા તેમજ, ખેડુતોને વીજળી ખેત પેદાશના પોષણક્ષમ ભાવ મળી રહે એ સરકારશ્રીની તેમ છે. મુખ્યમંત્રી સહિતના મહાનુભાવો પધારનાર હોય જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના માર્ગદર્શન તળે પીજીવીસીએલ, જેટકો, માર્ગમકાન વિભાગ,રેવન્યુ તંત્ર જિલ્લા પોલીસ ઉપરાંત વહિવટીતંત્રના અધિકારીઓ દ્વવારા કાર્યક્રમને સફળ બનાવવા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. કલેકટરશ્રીએ જિલ્લાના અધીકારીઓની બેઠક બોલાવી કાર્યક્રમના સુચારૂ આયોજન માટે જરૂરી સુચનાઓ આપી હતી.

## કિસાન સુર્યોદય યોજના અંગે ખેડૂત લાભાર્થીઓના પ્રતિભાવ

મેંદરડા તાલુકાના ડેડકીયાણા ગામના જગુભાઈ પીપલીયાએ જણાવ્યું હતું કે, જો દિવસે લાઈટ પાળી થાય તો અમને ફાયદાકારક છે. રાત્રે કોઈ મજુર રહે નહીં. રાતે અમારે હેરાનગતી થાય છે. કોઈ મજુર ન આવે અને મહિલાઓ પાણી વાળી શકે નહીં તેમજ સાવજ, દિપડાનો ડર લાગે છે. દિવસે લાઈટ મળે તો મહિલાઓ પણ પાણી વાળી શકે છે. વિનોદભાઈ ધનજીભાઈ સાવલીયાએ જણાવ્યું હતું કે, લાઈટનો પ્રશ્ન છે. દિવસે લાઈટ આવે તો મહિલાઓ પણ પાણી વાળી શકે છે.

રાત્રીના સિંહ, દિપડાનો ડર લાગે છે. રાત્રીના પાણી વાળવા માટે મજુર મળતા નથી. દિવસના હોય તો મજુર પણ પાણી વાળે છે. મેંદરડાના ચંદુભાઈ સોંદરવાએ જણાવ્યું હતું કે, રોડ પર ૩૨ વીઘા જમીન છે. વાડીએ જ રહેણાંક છે. વાડીમાં ઘઉ અને તલનું વાવેતર છે. પાકને પાણી વાળવા માટે રાતનો વારો હોય ત્યારે ખુબ મુશ્કેલી વેઠવી પડે કે તેની કોઈ સીમા નથી. ગઈ રાત્રીના ૩ વાગ્યા સુધી પાણી વાળેલ જાનવરોનો અવાજ આવતા રાત્રીના પાણી વાળવાનો ડર લાગે છે. પરંતુ પાકને પુરતુ પાણી મળી રહે તે માટે રાતના પણ ભયમાં પાણી વાળવું પડે છે. મેંદરડામાં હિંશક પ્રાણીઓ છે. જે અવારનવાર ચડી આવે છે. આથી રાત્રીના પાણી વાળતા તેનો ડર રહેશે. હરસુખભાઈ ગોવિંદભાઈ કોદાવાલાએ જણાવ્યું હતું કે, દિવસના પાવર હોય તો ફાયદો થાય રાત્રે જાનવરનો ડર લાગે છે. ત્યારે દિવસનો પાવર આપવા માટે મોદી સરકારનો આભાર છે.ચંદ્રાવડી ગામના જાદવભાઈ જીવરાજભાઈ ગાજીપરાએ જણાવ્યું હતું કે, સરકારે નિર્ણય લીધો છે તે ખેડૂત માટે ફાયદાકારક છે. મહિલાઓને રાતના હેરાન ન થવું પડે, રાતના પાણી વાળવા માટે ઉજાગરા અને જાનવરોના ડરથી મુક્તી મળશે. રાત્રીના મજુર પણ પાણી વાળવા જતા નથી. ત્યારે સરકાર દ્વારા દિવસના વિજ પુરવઠાનો નિર્ણય છે તે સારો અને વડાપ્રધાનના આ નિર્ણયને ખેડૂતો માટે ફાયદાકારક છે.

## યોગીધામના ત્યાગવલ્લભ સ્વામીનો પ્રેરક સંદેશ – આપણી સમજણ અને સકારાત્મક દ્રષ્ટીકોણ જ કોરોનાને હરાવવાનો સૌથી શ્રેષ્ઠ અને કારગત ઉપાય છે




કમલમ દૈનિક,

કોરોના મહામારીના સમયમાં લોકોમાંથી કોરોનાનો ભય દૂર થાય તે માટે રાજકોટ યોગીધામના ત્યાગવલ્લભ સ્વામી તેમનો પ્રેરક સંદેશ આપતા કહે છે કે, આજના આ મહામારીના સમયમાં આપણી સમજણ અને સકારાત્મક દ્રષ્ટીકોણ જ કોરોનાને હરાવવાનો શ્રેષ્ઠ અને કારગત ઉપાય છે. અત્યારના સમયમાં કોરોના કરતાં પણ વધુ ભયજનક છે કોરોનાનો ભય. હાલમાં સોશ્યલ મિડીયામાં કોરોનાની માહિતી અને તેના ઉપચાર અંગે ઘણાબધા સમાચારો ફરતા રહે છે. તે પોતાના માટે જ છે તેવું સ્વીકારીને ચાલતાં લોકો આ ભયનો વિશેષ કરીને ભોગ બનતા હોય છે. આપણી આસપાસમાં કોઈને પણ વાયરસની અસર થઈ છે તો એવું જરૂરી નથી કે દરેક વ્યક્તિ તેનો ભોગ બને. જે સમજણપૂર્વકની સાવધાની રાખે છે, તેને કોઈ જ ચિંતા કરવાની જરૂર નથી. એવા ઘણા તબીબો કે પેરામેડીકલ સ્ટાફ છે જેઓ સતત કોરોના પ્રભાવિત લોકો વચ્ચે ઘણા મહિનાઓથી સેવા કરે છે, પણ કોરોનાની અસર તેમને થઈ શકી નથી. જે લોકોની રોગપ્રતિકારક શક્તિ સારી છે. સાફ - સફાઈનું જેઓ ધ્યાન રાખે છે, માસ્ક પહેરે છે, અનિવાર્ય કાર્ય સિવાય બહાર જવાનું ટાળે છે, નિયમિત નાસ લે છે, ગરમ પાણી પીવાની ટેવ રાખે છે, વ્યસનોથી દૂર રહે છે, અને યોગાભ્યાસ કરે છે. તેવા લોકો આ મહામારીથી અવશ્યપણે બચી જાય છે. અત્યારે સોશ્યલ મિડીયામાં કોરોના અંગેના સાચા - ખોટા સમાચારો ઉપરાંત તેના ઉપચારો અંગેના અનેક ક્લીપીંગ્સ વાયરલ થતાં હોય છે. દરેક ઉપચાર ફાયદો કરે તેવું નથી હોતું. કયારેક નૂકશાન પણ કરી શકે છે. અણસમજણમાં આવા ઉપચારો પરનો વિશ્વાસ આફત ન નોતરે તેનું પણ આપણે સૌએ ધ્યાન રાખવાનું છે. વૈજ્ઞાનિકો અને મનોવિજ્ઞાનના નિષ્ણાંતો કહે છે તેમ સદ્‌વિચાર માણસના શરીર અને આસપાસના પર્યાવરણ ઉપર સકારાત્મક અસર નિપજાવે છે. આપણા સકારાત્મક વિચારોની અસર આસપાસ પ્રસરે તેવો આપણા હદય - મનમાં ભાવ રાખીને આપણા ઈસ્ટદેવના સ્મરણ સાથે પરિવાર - મિત્રો સાથે સકારાત્મક બાબતોનો હંમેશા સંવાદ કરતાં રહીએ. કોઈપણ ભય રાખ્યા વિના જરૂર પડયે કોરોનાનો ટેસ્ટ અવશ્ય કરાવીએ. સમયસરની સારવાર મળવાથી અનેક પ્રકારનું જોખમ ઘટી જાય છે. ખાસ યાદ રાખવા જેવી બાબત તો એ છે કે, તહેવારો તો દર વર્ષે આવે છે. આ વર્ષે ઘરમાં જ રહીને પરિવાર સાથે તહેવારોની ઉજવણી કરીશું તો આવતા વર્ષે પુનઃ ઉત્સાહપુર્વક સૌની સાથે હળી મળીને ઉત્સવની ઉજવણી કરવાની તક આપણને સૌને મળશે. આપણી સમજણ અને સકારાત્મક દ્રષ્ટીકોણ જ કોરોનાને હરાવવાનો સૌથી શ્રેષ્ઠ અને કારગત ઉપાય છે. આપણે અભય થઈને કોરોનાને મ્હાત આપીએ. કોરોનાને હરાવવાની સમજ સૌને પ્રભુ આપે અને વિશેષ કરીને મારા વ્હાલા રાજકોટવાસીઓને આપે તેવી પ્રાર્થના સાથે આપણે સૌ સંકલ્પ કરીએ કે, ''હારશે કોરોના, જીતશે રાજકોટ.

## 'આત્મનિર્ભર ભારત' માટે'આત્મનિર્ભર શિપિંગ' ની દિશામાં એક બહાદુરીપૂર્ણ પગલું: શ્રી મનસુખ માંડવિયા

### ભારતમાં જહાજ નિર્માણને વેગ આપવા માટે, જહાજ મંત્રાલયે પ્રથમ ઈનકાર અધિકાર (ROFR) લાઈસન્સિંગ શરતોમાં સુધારો કર્યો



કમલમ દૈનિક,

ભારત સરકારની 'મેક ઈન ઈન્ડિયા' નીતિના અનુસંધાનમાં, જહાજ મંત્રાલયે તમામ પ્રકારની જરૂરિયાતો માટે ટેન્ડર પ્રક્રિયાના માધ્યમથી વહાણ/જહાજ ROFR (પ્રથમ ઈનકાર અધિકાર) લાઈસન્સિંગ શરતોની સમીક્ષા કરી છે. ભારતમાં નિર્માણ પામેલા જહાજોની માંગને પ્રોત્સાહન આપવા માટે ROFR (પ્રથમ ઈનકારનો અધિકાર)ની માર્ગદર્શિકામાં સુધારા હેઠળ ભારતમાં નિર્માણ પામેલા, ભારતમાં ફ્લેગ કરેલા અને ભારતીયોની માલિકી હેઠળના વહાણોને ચાર્ટર કરતી વખતે પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. હવે એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, ટેન્ડર પ્રક્રિયાના માધ્યમથી ચાર્ટર કરવામાં આવેલા કોઈપણ પ્રકારના વહાણ માટે, પ્રથમ ઈનકારનો અધિકાર (ROFR) નીચે દર્શાવ્યા અનુસાર લાગુ કરવામાં આવશેઃ

- ભારતમાં નિર્માણ પામેલ, ભારતમાં ફ્લેગ કરેલ અને ભારતીય માલિકીનું
- વિદેશમાં નિર્માણ પામેલ, ભારતમાં ફ્લેગ કરેલ અને ભારતીય માલિકીનું
- ભારતમાં નિર્માણ પામેલ, વિદેશમાં ફ્લેગ કરેલ અને વિદેશી માલિકીનું

જહાજ મહા નિદેશક દ્વારા બહાર પાડવામાં આવેલા નવા પરિપત્રની તારીખ સુધીમાં ભારતમાં ફ્લેગ કરેલા તમામ જહાજ (એટલે કે, ભારતમાં નોંધણી થયેલા)ને ભારતમાં નિર્માણ પામેલા માનવામાં આવશે અને તે ઉપરોક્ત ઉલ્લેખ કરેલી શ્રેણી (i) હેઠળ આવશે અને ભારતીય શિપયાર્ડમાં ભારતીય ફ્લેગ અંતર્ગત નોંધણી માટે જહાજનું નિર્માણ કરી રહેલા ભારતીય નાગરિક/ કંપની/ સોસાયટી દ્વારા નિર્માણાધીન ભારતીય જહાજ સામે હંગામી અવેજ રૂપે ચાર્ટરિંગ માટે વ્યાપારી જહાજ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૪૦૬ હેઠળ મહા નિદેશક (જહાજ)ની મંજૂરીથી વિદેશી ફ્લેગ કરેલ જહાજ, કે જે નીચે આપવામાં આવેલી બે શરતો પૂર્ણ કરતા હોય જેને ઉપરોક્ત ઉલ્લેખ કરેલી શ્રેણી (i)માં માનવામાં આવશે. કરારના રકમના ૨૫% નાણાં ભારતીય શિપયાર્ડને ચુકવવાના રહેશે. માન્યતા પ્રાપ્ત સંગઠન દ્વારા પ્રમાણિત કર્યા અનુસાર ૫૦% હલ ફેબ્રિકેશન કરવાનું રહેશે. આવા ચાર્ટર્ડ વહાણનો સમયગાળો જહાજ નિર્માણના કરારમાં ઉલ્લેખ કર્યા અનુસાર જહાજનું નિર્માણ થઈ જાય ત્યાં સુધી મર્યાદિત રહેશે. અહીં નોંધનીય છે કે, જહાજ મંત્રાલયે જહાજ નિર્માણ આર્થિક સહાય નીતિ (૨૦૧૬-૨૦૨૬) અંતર્ગત જહાજ નિર્માણની પ્રવૃત્તિઓમાં માટે લાંબાગાળાની સબસિડી આપવાની જોગવાઈ કરી છે. મંત્રાલયે આજદિન સુધીમાં આ નીતિ અંતર્ગત રૂપિયા ૬૧.૦૫ કરોડની ફાળવણી કરી પણ દીધી છે. જહાજ નિર્માણને વધારાની બજાર સુધીની પહોંચ અને ભારતમાં જહાજનું નિર્માણ કરવા માટે વ્યાવસાયિક સહકાર આપીને જહાજ નિર્માણની પ્રવૃત્તિને વધુ પ્રોત્સાહન આપવા માટેનો આ સરકારનો પ્રયાસ છે. સુધારેલી માર્ગદર્શિકાથી સ્થાનિક જહાજ નિર્માણ અને જહાજ ઉદ્યોગને વેગ મળશે. તે સ્થાનિક જહાજ ઉદ્યોગને સહકાર આપવા માટે સ્થાનિક જહાજ ઉદ્યોગને પ્રોત્સાહિત કરશે. રાજ્ય જહાજ મંત્રી (સ્વતંત્ર પ્રભાર) શ્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, ''જહાજ મંત્રાલય ભારતમાં જહાજ નિર્માણની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની આત્મનિર્ભર ભારતની દૂરંદેશી અનુસાર કેન્દ્રિત અભિગમ સાથે કામ કરી રહ્યું છે. ROFR લાઈસન્સિંગ શરતોમાં સુધારા એ આત્મનિર્ભર શિપિંગની દિશામાં એક વિરાટ પગલું છે. તેનાથી આત્મનિર્ભરતા દ્વારા 'મેક ઈન ઈન્ડિયા' પહેલને પ્રોત્સાહન મળશે અને સ્થાનિક જહાજ નિર્માણ ઉદ્યોગને વ્યૂહાત્મક વેગ મળશે જેથી લાંબાગાળે તે ભારતના અર્થતંત્રની વૃદ્ધિમાં યોગદાન આપશે.''

### કડી ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે રતમગમત-શૈક્ષણિક પ્રકલ્પોના ખાતમુર્હુતઃ લોકાર્પણ કરાયા

# ગુજરાતના રમતવીરોને ઉચ્ચ કક્ષાની તાલીમ મળે એ માટે સરકારની કટિબધ્ધતા- નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ









રૂ.૫૭૦ લાખના ખર્ચે નિર્માણ થનાર મલ્ટીપર્પઝ ઈન્ડોર હોલનું ખાતમુર્હુત અમૃત વિધા સંકુલ સંચાલિત સ્પોર્ટસ કન્યા છાત્રાલય,આદર્શ અંગ્રેજી શાળા અને સ્માર્ટ સ્કુલનું લોકોર્પણ

કમલમ દૈનિક,

મહેસાણા જિલ્લાના કડી સ્પોર્ટસ સ્કુલના મલ્ટી પર્પઝ ઈન્ડોર હોલના ખાતમુર્હુત પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતમાં રમતગમત ક્ષેત્રે સુવિધાયુકત માળખાગત વ્યવસ્થાઓ ઉભી કરાઈ છે.ગુજરાતના રમતવીરોને રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મળે તે દિશામાં સરકાર દ્વારા કામ થઈ રહ્યું છે. નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રમતગમતમાં નિપુણ વિધાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે સરકાર દ્વારા યોગ્ય સુવિધાઓ ઉભી કરાઈ છે. ખેલાડીઓને યોગ્ય માર્ગદર્શન સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાની તાલીમ મળવી જ જોઈએ જે દિશામાં સરકાર હમેશાં પ્રત્નશીલ રહી છે નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું કે ફીટ રહેવા માટે રમતને જીવનનો હિસ્સો બનાવવો જોઈએ.યુવાનો રમત ગમતથી પ્રોત્સાહિત થાય તે જરૂરી છે. તેમણે ઉમેર્યુ હતું કે મહેસાણા જિલ્લામાં મહેસાણા,કડી અને વડનગર ખાતે આ પ્રકારના સ્પોર્ટસ સંકુલ નિર્માણ પામી રહ્યા છે જેનો લાભ જિલ્લાના રમતવીરોને મળનાર છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ આદર્શ હાઈસ્કલ સંસ્થાના પ્રમુખ તરીકે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો સંસ્થામાં મલ્ટી પર્પઝ હોલની મંજુરી અને નિર્માણ માટે આભાર વ્યકત કર્યો હતો.મહેસાણા જિલ્લાના કડી ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલના હસ્તે રૂ.૫૭૦ લાખના ખર્ચે નિર્માણ થનાર મલ્ટીપર્પઝ ઈન્ડોર હોલનું ખાતમુર્હુત કરાયું હતુ.આ ઈન્ડોર હોલ વિવિધ સુવિધાથી સજ્જ હશે.જેમાં ૨૨૯૫ ચોરસમીટરના ગ્રાઉન્ડ ફલોરમાં જિમ્નાસ્ટીક બેડમિન્ટન-૦૨,ટેબલ ટેનિસ-૦૪,કોન્ફરન્સ રૂમ,વેઈટીંગ રૂમ,સ્ટાફ રૂમ,રેકર્ડ રૂમ,કોચ ઓફિસ.મેલ અને ફીમેલ ટોઈલેટ બ્લોક,ચેન્જીંગ રૂમ તથા સ્ટોર રૂમ અને ૪૨૧ ચોરસ મીટરના મેઝનીન ફલોરમાં જીમ,મલ્ટીપર્પઝ હોલ,વી.આઈ.પી સીટીંગ એરીયા સહિતનો સમાવેશ કરાયો છે.અત્રે ઉલ્લેખનીય છેકે જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના ૨૦૧૪-૧૫માં અમલી થયેલ છે.રાજ્યમાં વિવિધ સ્થળોએ ૩૯ જેટલા સ્પોર્ટસ સ્કુલ હાલમાં કાર્યરત છે.મહેસાણા જિલ્લામાં પણ મહેસાણા,કડી અને વડનગર ખાતે સ્પોર્ટસ સ્કુલ શરૂ થઈ રહ્યા છે. નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલના હસ્તે કડી પી.એમ.જી ઠાકર આદર્શ હાઈસ્કુલ કડી ખાતે અમૃત વિધા સંકુલ દ્વારા સંચાલિત શ્રીમતી સીતાબેન અમૃતભાઈ પટેલ કન્યા છાત્રાલય અને કોમલ ગૌરવ પટેલ આદર્શ અંગ્રેજી માધ્યમ શાળા તેમજ શ્રીમતી લીલાબેન બળદેવભાઈ પટેલ સ્માર્ટ સ્કુલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.કડી શૈક્ષણિક સંકુલમાં દાન આપનાર દાતાશ્રીઓનું નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. કડી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સંસદ સભ્ય શારદાબેન પટેલ,ધારાસભ્યસર્વેશ્રી કરશનભાઈ સોલંકી,ડો.આશાબેન પટેલ,જિલ્લા કલેકટર એચ.કે.પટેલ, સ્પોર્ટસ ઓથોરીટીના સચિવ એ.એન.પટેલ આદર્શ હાઈસ્કુલના બંસીભાઈ ખમાર,ડિસ્ટ્રીક બેકના ચેરમેન વિનોદભાઈ પટેલ,પ્રાન્ત અધિકારી કેતકીબેન વ્યાસ, સહિત આદર્શ હાઈસ્કુલનાસ્ટાફસર્વે,અધિકારીઓ, પદાધિકારીઓ અને પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

